# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી

कृषिमूला ऋद्धिः

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## કૃષિ પ્રૌદ્યોગિકી તાલીમ સંસ્થા
## (AGRO ITI)

# માહિતી પત્રક

**વિસ્તરણ શિક્ષણ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી.**

# કૃષિ પ્રૌદ્યોગિકી તાલીમ સંસ્થા
# (AGRO ITI)

ખેતી એ મનુષ્ય જાતિનો મૂળભૂત વ્યવસાય છે. જે મનુષ્યની પાયાની જરૂરિયાતો જેવી કે, ખોરાક તથા કપડા માટે જરૂરી કાચી સામગ્રી પુરી પાડે છે. આ ઉપરાંત કૃષિ ઉદ્યોગો માટે જરૂરી કાચી સામગ્રી પણ પૂરી પાડે છે. આ કૃષિ આધારિત કાચા માલનું જુદા જુદા કારખાના દ્વારા ચીજ વપરાશમાં રૂપાંતર (Processing) કરવામાં આવે છે. આ રીતે ખેતરમાં કામ કરનારા તથા કૃષિ આધારિત ઉદ્યોગો સાથે સંકળાયેલ લોકોને રોજગારી પૂરી પાડવામાં કૃષિ મહત્વની ભૂમિકા ભજવે છે.

હાલ ખેતી ક્ષેત્રે અવનવા સંશોધન હાથ ધરાય છે અને આ સંશોધનોના પરિપાક રૂપે ખેતીમાં નવી નવી શોધો બહાર પડી રહી છે. પરિણામ સ્વરૂપ ખેતીનો ખૂબ ઝડપથી વિકાસ થઈ રહયો છે. કૃષિ પાકો ઉત્પાદન વધારવા નવી જાતો, સંકલિત પોષણ વ્યવસ્થા, પિયત વ્યવસ્થા, સંકલિત નિંદણ વ્યવસ્થા, સંકલિત પાક સંરક્ષણ વ્યવસ્થા ક્ષેત્રે ખૂબ અવનવા સંશોધન થઈ રહયા છે. આ સંશોધનો પર આધારિત વિકાસ પામેલ નવીન ટેકનોલોજીનો ખેડૂતો ઉપયોગ કરી કૃષિ ઉત્પાદનમાં સારૂં ઉત્પાદન લઈ શકે છે અને ઘરેલું બજારમાં કૃષિ પેદાશોના સારા ભાવ મળી શકે છે. આધુનિક ખેતી પધ્ધતિમાં બીજ ઉત્પાદન પધ્ધતિ, સેન્દ્રિય ખેતી, જમીન તંદુરસ્તી, સુક્ષ્મ પિયત પધ્ધતિ, જૈવિક ખાતરોનો વપરાશ વિગેરે ખૂબ અગત્યના ઘટકો છે. આ ઉપરાંત પોષણક્ષમ ખેતી માટે ક્ષેત્ર વ્યવસ્થા (Farm management) ની જાણકારી ખૂબ મહત્વ ધરાવે છે.

WTO હેઠળ ખેતીના પાકો માટે વિશ્વ બજાર ખુલ્યુ હોવાથી ફકત વધુ ઉત્પાદન નહીં પણ ઉત્પાદનની સાથે સાથે ગુણવત્તાયુકત ઉત્પાદનો કરવાની જરૂરિયાત ઉભી થઈ છે ત્યારે નિકાસલક્ષી કૃષિ પેદાશો ઉત્પન્ન કરવી પડશે.

આજની ખેતી ફકત પાક ઉત્પાદન પુરતી સીમીત નથી પણ ખેતી સાથે દૂધ ઉત્પાદન એટલે કે પશુપાલન પણ અનિવાર્ય એવો પૂરક વ્યવસાય છે. જેમાં પશુ સંવર્ધન અને પશુપોષણ મહત્વના ઘટકો છે. દૂધનું વધુ તથા પોષણક્ષમ ઉત્પાદન મેળવવા માટે વૈજ્ઞાનિક રીતે પશુપાલનની માહિતી આવશ્યક છે. વધુમાં મરઘાંપાલન પણ એક વ્યવસાય તરીકે વિકાસ પામી રહયો છે. ત્યારે ઉત્કૃષ્ટ મરઘાંપાલન અંગે મરઘાંપાલકોને જરૂરી વૈજ્ઞાનિક પધ્ધતિની કૌશલ્યલક્ષી તાલીમ સાથે જાણકારી આપવી જરૂરી છે. આ ઉપરાંત ગામડા તથા શહેરોમાં

વધારી તેમનું જીવન ધોરણ ઉંચું લાવવાનો છે. આ હેતુ સિધ્ધ કરવા આપણા ખેડૂતોને કેન્દ્રમાં રાખી નવસારી કૃષિ યુનિવર્સિટી દ્વારા કૃષિ, વન–વ–બાગાયત સાથે પશુપાલન અને પશુ ચિકિત્સાનું શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની બહુવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. કૃષિ ઉત્પાદન અને કૃષિ ઉત્પાદકતા વધારવાના હેતુસર યુનિવર્સિટીના ૧૫ જેટલા સંશોધન/વિસ્તરણ કેન્દ્રો મારફતે કૃષિ સંશોધન અને વિસ્તરણ શિક્ષણની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. જેમાં દક્ષિણ ગુજરાતના મુખ્ય પાકો, ડાંગર, શેરડી, કપાસ, જુવાર, કઠોળ પાકો, ફૂલ પાકો અને હલકા ધાન્ય પાકોની જાત સુધારણા સાથે તેનું ઉત્પાદન વધારવા સંશોધન હાથ ધરવામાં આવે છે. આ ઉપરાંત પશુપાલન અને પશુચિકિત્સા મહાવિદ્યાલય, એગ્રી. બીઝનેસ મેનેજમેન્ટ સ્કૂલ, પોસ્ટ હાર્વેસ્ટ ટેકનોલોજી, બાયો ટેકનોલોજી, સેન્ટ્રલ ઈન્સ્ટ્રુમેન્ટેશન લેબ, જૈવિક કીટ નિયંત્રણ પ્રયોગશાળા, મેગા સીડ પ્રોજેક્ટ, ફલોરીકલ્ચર, ઓર્ગેનીક ફાર્મીંગ જેવા ઉચ્ચ અને નવા ક્ષેત્ર યુનિવર્સિટી દ્વારા સંશોધન અને શિક્ષણ આપવાની કામગીરી થાય છે.

**માળખાકીય સુવિધા**

- સેન્ટ્રલ લાયબ્રેરી(ઈન્ટરનેટ સુવિધા સાથે) ની અદ્યતન અને વિશાળ સુવિધા
- કોમ્પ્યુટર નેટવર્કીંગ હાઈટેક સુવિધા
- અદ્યતન જીમખાના હોલ અને તેના અતિ આધુનિક સાધનોવાળુ જીમખાના
- રમતગમતનું વિશાળ મેદાન
- અદ્યતન સગવડતા સાથેનું બાળ શિક્ષણ માટેનું બાલમંદિર
- પ્રાથમિક કક્ષાના અસરકારક શિક્ષણ માટેની સંકુલમાં પ્રાથમિક શાળા
- શહેરને જોડતી આદર્શ યુનિવર્સિટી બસ સેવા
- કેમ્પસ ઉપર જ ATM અને બેન્ક લોકર સાથેની સુવિધા સંપન્ન સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા
- યુનિવર્સિટી સંકુલમાં જ બેન્કની નજીક પોસ્ટ ઓફિસ
- પ્રાથમિક સારવાર માટે યુનિવર્સિટી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર
- યુનિવર્સિટી કક્ષાના અદ્યતન અતિ સગવડવાળા મહેમાન ગૃહો
- કૃષિ પરિવાર અને વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક વિકાસવાળા સાંસ્કૃતિ સંકુલ
- યુનિવર્સિટી સાંસ્કૃતિક કાર્યક્રમ માટે અતિ આધુનિક વિશાળ ઓડીટોરીયમ

- કૃષિ પરિવારની પ્રાથમિક જરૂરીયાતો પૂર્ણ કરનાર કન્ઝયુમેબલ સ્ટોર
- ખેડૂતો માટે રહેવા જમવાની સુંદર સુવિધાવાળા કિસાનઘરો
- કૃષિની અદ્યતન ખેત પધ્ધતિના દર્શન કરાવતું કાયમી કૃષિ પ્રદર્શનોવાળુ સરદાર સ્મૃતિ કેન્દ્ર
- ખેડૂતોએ એક બારીથી એકમો અને માર્ગદર્શન આપતું એટીક
- ખેડૂતોની કેરી, ટામેટા અને કાંદાના મૂલ્યવર્ધન માટે અદ્યતન પ્રોસેસીંગ યુનિટો
- ખેડૂતોની પાણી અને જમીનના નમૂનાનું પૃથ્થકરણ માટે પૃથ્થકરણ પ્રયોગશાળા
- કૃષિ પરિવારને શુધ્ધ પીવાના પાણી માટે અદ્યતન સામુદાયિક પાણી પ્યોરીફાયર પ્લાન્ટ
- ગ્રામ્ય અને શહેરીજનોને શોભાના કુંડાવાળા છોડો પૂરી પાડતી અદ્યતન બાગાયત નર્સરી

**નવસારી કૃષિ વિશ્વ વિદ્યાલય હેઠળ ચાલતી વિદ્યાશાખાઓ**

- કૃષિ વિદ્યાશાખાની ન.મ.કૃષિ મહાવિદ્યાલય,નવસારી.
- બાગાયત–વ–વનીય વિદ્યાશાખાની અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય,નવસારી.
- પશુપાલન અને પશુચિકિત્સા વિદ્યાશાખાની વેટનરી કોલેજ, નવસારી.
- કૃષિ વ્યવસાયી વિદ્યાશાખાની એગ્રી બીઝનેસ મેનેજમેન્ટ(પોસ્ટ ગ્રેજયુએટ પ્રોગ્રામ) કોલેજ

**ડીપ્લોમા પોલીટેકનીક કક્ષાના અભ્યાસક્રમો**

- બાગાયત પોલીટેકનીક
- કૃષિ પોલીટેકનીક
- એનીમલ હસબન્ડરી પોલીટેકનીક
- માળી તાલીમ કેન્દ્ર
- બેકરીશાળા
- કૃષિ ઈજનેરી પોલીટેકનીક, દેડીયાપાડા, જી.નર્મદા.

લોકોને તાજુ શાકભાજી મળી રહે તે માટે કીચન ગાર્ડનીંગ તથા હોમ ગાર્ડનીંગનો વ્યાપ વધારવાની જરૂરિયાત છે. હાલમાં મશરૂમની માંગ ખાસ કરીને શહેરી વિસ્તારની હોટલોમાં વધી રહી છે. ખેતીના પૂરક વ્યવસાય તરીકે મશરૂમની ખેતીમાં પણ વ્યાપક તકો ઉભી થઈ રહી છે. મોટા પાયે મશરૂમની ખેતી અંગેની જાણકારીનો પણ અભાવ પ્રવર્તમાન છે.

ઉપરોકત દર્શાવેલ ખેતી અને ખેતીના પૂરક વ્યવસાયોની અત્યંત આધુનિક જાણકારી દરેક ખેડૂતો સુધી પહોંચે તે આજની તાતી જરૂરિયાત છે. કૃષિ યુનિવર્સિટીઓ તથા અન્ય સંસ્થાઓ દ્વારા આ પ્રયત્નો હાલ ચાલુ છે, પરંતુ આ પ્રયત્નો પૂરતા નથી. દરેક ખેડૂતોને કૌશલ્યલક્ષી આ અંગેની વ્યવસાયિક જાણકારી મળી રહે તે માટે જે તે ખેતીના કુશળ માનવસ્ત્રોતો તૈયાર કરવાની જરૂરિયાત છે. આવા માનવસ્ત્રોતો તૈયાર કરવા માટે હાલમાં ગુજરાત રાજયમાં કોઈ સંસ્થા નથી. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઈ ગુજરાત સરકારશ્રી દ્વારા સને ૨૦૧૧ માં નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે કૃષિ પ્રૌદ્યોગિકી તાલીમ સંસ્થા (AGRO ITI) ચાલુ કરવામાં આવી છે. આ તાલીમી સંસ્થા દ્વારા કુશળ માનવસ્ત્રોતો તૈયાર કરવામાં આવશે. આ માટે ખાસ કરીને ગામડામાં રહેતા યુવાનોને તાલીમ આપવામાં આવશે. આ પ્રમાણે તૈયાર થયેલ યુવાનો પોતે સ્વતંત્ર રીતે ખેતી અથવા તેના પૂરક વ્યવસાયો અપનાવી આવક ઉભી કરી શકશે અથવા પોતે લીધેલી તાલીમનો ઉપયોગ કરી જરૂરિયાતમંદ ખેડૂતોને માહિતીનું પ્રદાન કરી રોજગારી મેળવી શકશે.

**ખેડૂતો અને નવસારી કૃષિ યુનિવર્સિટી વિષે**

ગુજરાત રાજય સરકાર દ્વારા તા.૧/૫/૨૦૦૪ના રોજ ગુજરાત કૃષિ યુનિવર્સિટીનું ચાર કૃષિ યુનિવર્સિટીમાં વિભાજન કરી નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી અસ્તિત્વમાં આવી. આ નવસારી કૃષિ યુનિવર્સિટીના કાર્યક્ષેત્રમાં દક્ષિણ ગુજરાતના નર્મદા, ભરૂચ, તાપી, સુરત, નવસારી, વલસાડ અને ડાંગ એમ સાત(૭) જિલ્લાઓનો સમાવેશ થાય છે. આ નવસારી કૃષિ યુનિવર્સિટી રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે જાણીતા ઐતિહાસિક દાંડી સત્યાગ્રહના દાંડી માર્ગ ઉપર આવેલ છે. આ વિસ્તાર પાસે ભૌગોલિક રીતે પશ્ચિમ દિશામાં ૧૭૦ કિ.મી.લાંબો દરિયો કિનારો અને પૂર્વ દિશામાં ગાઢ જંગલો અને પર્વતોની હારમાળા આવેલી છે. ભારે વરસાદવાળા આબોહવાકીય વિસ્તારમાં સમાવિષ્ટ ભગવાન પરશુરામના આ ભૂમિ પ્રદેશમાં વાર્ષિક સરેરાશ ૧૦૦ થી ૧૨૦ ઈંચ જેટલો વરસાદ પણ વરસે છે.

નવસારી કૃષિ યુનિવર્સિટીનો મુખ્ય ઉદ્દેશ રાજયના ખેડૂતોના ખેત ઉત્પાદન

## એગ્રો આઈ.ટી.આઈ. હેઠળ અનુકૂળતા મુજબ ચલાવવામાં આવતા અભ્યાસક્રમોની વિગત

| અ. નં. | તાલીમનું નામ | સમયગાળો | અનુકૂળ સમયગાળો | પ્રવેશ લાયકાત |
|---|---|---|---|---|
| ૧ | સીડ પ્રોડકશન તાલીમ કાર્યક્રમ માટેના અભ્યાસક્રમની વિગત | ૧ માસ | ઓગસ્ટ– સપ્ટેમ્બર | ધોરણ – ૮ પાસ |
| ૨ | ક્ષેત્ર વ્યવસ્થાપન પર ટુંકાગાળાની તાલીમ | ૧ માસ | ડીસેમ્બર– જાન્યુઆરી– ફેબ્રુઆરી | ધોરણ–૧૦ પાસ (ડીપ્લોમા હોલ્ડરોને પ્રથમ પંસદગી) |
| ૩ | સેન્દ્રિય ખેતી પર ટુંકાગાળાની તાલીમ | ૧ માસ | નવેમ્બર | વાંચી લખી શકે તેવા ખેડૂત |
| ૪ | જમીન/પાણી/છોડ/સેન્દ્રીય ખાતર/રાસાયણીક ખાતર અને પ્રદુષિત પાણીના પૃથ્થકરણ માટેની તાલીમનો અભ્યાસક્રમ | ૧ માસ | સમયની મર્યાદા નથી | ધોરણ–૧૨ પાસ (વિજ્ઞાન પ્રવાહ) |
| ૫ | સુક્ષ્મ પિયત પધ્ધતિ અંગેનો ક્ષમતા વિકાસ તાલીમ કાર્યક્રમ | ૩૦ દિવસ | સપ્ટેમ્બર– ઓકટોબર | ધોરણ –૮ પાસ |
| ૬ | જૈવિક ખાતર અને જૈવિક નિયંત્રક ઉત્પાદન માટેનો અભ્યાસક્રમ | ૧ માસ | ડીસેમ્બર– ફેબ્રુઆરી | ધોરણ –૧૦ પાસ |
| ૭ | કીચન ગાર્ડન – હોમ ગાર્ડન તાલીમ | ૧ માસ | નવેમ્બર | ધોરણ– ૧૦ પાસ (ફકત બહેનો માટે) |
| ૮ | બોનસાઈ અને ફૂલોની ગોઠવણી અંગેના તાલીમ કાર્યક્રમ માટેના અભ્યાસક્રમની વિગત | ૧ માસ | નવેમ્બર | ધોરણ –૧૦ પાસ |
| ૯. | વ્યાપારી ધોરણે ખાદ્ય મશરૂમ ઉગાડવા માટેની તાલીમ અભ્યાસક્રમ | ૧ માસ | જુલાઈ– સપ્ટેમ્બર | ધોરણ– ૮ પાસ |
| ૧૦ | પેશી સંવર્ધન વિષયોનો અભ્યાસક્રમ | ૧ માસ | જુલાઈ | ધોરણ–૧૦ પાસ |
| ૧૧ | પાક જીવાતનું જૈવિક નિયંત્રણના વિષયનો અભ્યાસક્રમ | ૧ માસ | ડીસેમ્બર | ધોરણ–૮ પાસ |
| ૧૨ | પશુપાલન તાલીમ સૈધ્ધાંતિક અભ્યાસક્રમ | ૧ માસ | સમયની મર્યાદા નથી | ધોરણ–૧૦ પાસ |
| ૧૩ | મરઘાં ઉછેર તાલીમ સૈધ્ધાંતિક અભ્યાસક્રમ | ૧ માસ | સમયની મર્યાદા નથી | ધોરણ–૧૦ પાસ |
| ૧૪ | ગાય અને ભેંસમાં પ્રજનન વ્યવસ્થાપન | ૧ માસ | સમયની મર્યાદા નથી | ધોરણ – ૮ પાસ |
| ૧૫ | કૃષિ ઉદ્યોગ સાહસિકતા વિકાસ અંગેનો તાલીમ કાર્યક્રમ | ૧ માસ | ડીસેમ્બર– જાન્યુઆરી– ફેબ્રુઆરી | ધોરણ –૧૨ પાસ |